# હૃદયસ્પર્શી શબ્દોનો દિવ્ય પ્રભાવ

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

કોઈ ચિત્રમાં આપણને જો ખામી દેખાય તો, આપણે તેને ચિત્રકારની ભૂલ કહીએ છીએ. *તેવી જ રીતે, આપણને ભગવાનનાં સર્જનમાં જો કોઈ ખામી દેખાય, તો જાણતાં-અજાણતાં આપણે તેના સર્જકમાં-ભગવાનમાં દોષ જોઈએ છીએ.* સંતભગવંત સાહેબજીને તો દરેક ચિત્રમાં, ભગવાનના પ્રત્યેક સર્જનમાં સુંદરતા જ દેખાય છે; જેનો મેં પોતે અનુભવ કર્યો છે.

મારી પાસે બેઠેલા સ્વજન સાથે વાત કરતાં કરતાં સાહેબદાદાએ મારા તરફ આંગળી ચીંધીને જણાવ્યું, 'આની આંખો જુઓ, એની આંખો કેટલી પ્રેમાળ છે! તેના અંતરમાં અપાર સ્નેહ રહેલો છે !' પ્રેમાળ અને હું ? હું આશ્ચર્યચકિત થઈ ગઈ ! મારા શરમાળ સ્વભાવને કારણે મારા માટે હું કદી આવો શબ્દપ્રયોગ વિચારી પણ ના શકું. તેમ છતાં, તેઓએ મારામાં એ ગુણ જોયો અને તેથી હું તેવી બની શકી ! એક વર્ષ પછી, મારા જન્મદિવસ પર, જ્યારે મારા મિત્રોએ મને શુભેચ્છાઓ પાઠવી અને નિ:સ્વાર્થ પ્રેમ દાખવવો એ મારી સૌથી મોટી વિશેષતા છે તેમ જણાવ્યું, ત્યારે મને ખૂબ આશ્ચર્ય થયું. બીજાના શુભ ગુણો જોવાથી પ્રગટતી આ એક શક્તિ છે. જો સાહેબદાદાએ 'હું પ્રેમાળ' છું એવું કહ્યું ના હોત તો મને ભગવાને આપેલી એવી શક્તિને સ્વીકારીને મારી આસપાસના લોકોને સ્નેહ આપવાની ક્ષમતા મારામાં ક્યારેય વિકસી ના હોત.

સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ પણ હંમેશાં સૌ ભક્તોના ગુણોનાં જ દર્શન કરાવ્યાં છે. એક દિવસ ભારતમાં, હું ને મારી બહેન શાંતિદાદાની ઑફિસની બહાર ઊભાં હતાં, ત્યારે તેઓ તેઓની દિવ્ય અમીભરી દૃષ્ટિ સાથે ઑફિસની બહાર આવ્યા અને બહાર ઊભેલા ભક્તોને અમારો પરિચય આપવા લાગ્યા. શાંતિદાદાએ મારો પરિચય આપતાં કહ્યું, 'આ સહેલી છે. તે બાળકો સાથે બહુ ઉત્તમ કાર્ય કરી રહી છે.' મેં આશ્ચર્યભરી નજરે તેઓની તરફ જોયું. બાળકો સાથે અને હું ? કારણ, હજુ હમણાં તો મેં ગ્રૅજ્યુએશન પૂરું કર્યું હતું અને મારી પાસે હજી નોકરી પણ નહોતી. વળી, મને એવું લાગતું પણ ન હતું કે, હું બાળકો સાથે સારું કામ કરી શકું એમ છું. પરંતુ, તેઓએ મારામાં એ શક્તિ જોઈ અને તેથી હું તેવી બની શકી. આજે હું બાળકો સાથે કામ કરું છું અને હવે તે સિવાય બીજું કોઈ કામ કરવાનું વિચારી પણ નથી શકતી. જીવન ક્યાંય પણ દોરી જાય; પરંતુ, મારું લક્ષ્ય હંમેશાં આવનારી પેઢીનું ઉત્કર્ષ કરવાનું રહેશે, કારણ કે, શાંતિદાદાએ મને આવું જીવન જીવવા માટેની પ્રેરણા આપી છે. સત્સંગમાં અન્ય ભક્તોએ પણ બીજાના શુભ ગુણો જોવાથી પ્રગટતી શક્તિને અનુભવી છે.

અ.નિ. પૂ. દિલીપદાસજી પોપટ (યુ.કે.) હંમેશાં મને પ્રેમથી 'હેલો, મારી સુંદર પરી!' એમ કહી સંબોધતા. તેઓના અક્ષરધામગમન પછી, જ્યારે પણ મને બળભર્યા શબ્દો સાંભળવાનું મન થાય ત્યારે જાણે તેઓ મારી સાથે વાત કરતા હોય તે રીતે હું મારી સાથે વાત કરું છું, અને તેના પ્રારંભ હંમેશાં 'હેલો, મારી સુંદર પરી !'થી થાય છે. અ.નિ. દિલીપદાસજીએ મારા પ્રત્યે દર્શાવેલ એ પ્રેમાળ લાગણીના પરિણામે હું મારા પોતાના માટે પણ પ્રેમનો અનુભવ કરી શકું છું.

જેવો માતા-પિતા અને વાલીઓનો પ્રભાવ બાળકોનાં જીવન પર પડતો હોય છે, એવો જ પ્રભાવ આ સંતોનો મારા જીવનમાં અનુભવાય છે. બાળકોમાં રહેલી શક્તિઓને પારખો, તેઓ અવશ્ય તેને અનુરૂપ જીવન જીવશે. આમાં કેટલીક નાજુક બાબત એ પણ સમજવા જેવી છે કે, બાળકના ઉદ્ધતાઈ જેવા નકારાત્મક વર્તનને ચલાવી લેવું જોઈએ. આવા સંજોગોમાં બાળકને યોગ્ય રીતે વર્તવાનું કૌશલ્ય શીખવવું એ પણ અત્યંત જરૂરી બાબત છે.

મારામાં જે દૃઢ આત્મબળ છે, એનો સ્રોત આવા સંતો છે, કે જેઓએ હંમેશાં મારી શક્તિઓને બિરદાવી છે, અને મારાં માતા-પિતા છે, કે જેઓએ ખૂબ સમજપૂર્વક મને શીખ આપી છે. કેટલાંક પ્રેમાળ માતા-પિતાઓએ પણ ક્યારેક પોતાનાં બાળકોને 'આળસુ' અથવા 'અવજ્ઞાકારી' જેવા શબ્દોથી સંબોધ્યાં હશે. આ જ રીતે, કેટલાંક વહાલાં બાળકો પોતાના વાલીઓને 'કડક' અથવા 'જૂનવાણી' કહેતાં હશે. આપણે સૌ ક્યારેક ખિન્ન હોઈએ ત્યારે એવા શબ્દો બોલી દઈએ છીએ ને પાછળથી પસ્તાઈએ છીએ. પરંતુ, મને માર્ગદર્શન આપતું એક દિશાસૂચક કથન હું હંમેશાં યાદ રાખું છું : **તમારા શબ્દો સાચવીને વાપરો. તમને ખબર નથી હોતી કે કોઈના મનમાં તમારા એ શબ્દો કેટલીય વખત ઘુમરાયા કરે છે.** એક હકીકત એ છે કે, જ્યારે આપણે કોઈકને વિશે કોઈ નિવેદન કરીએ છીએ, ત્યારે આપણને ખબર નથી હોતી કે તેઓ એ શબ્દોને પોતાના મનમાં કેટલીવાર ઘૂંટતા હશે. વળી, વાલીઓની ભૂમિકા બાળકોનાં જીવનમાં સૌથી પ્રભાવી ભૂમિકાઓમાંની એક છે. આપણે ક્યારેય જાણી શકતા નથી કે, આપણા દ્વારા બોલાયેલા શબ્દો જે તેઓ સાંભળે છે તે તેઓના મનની આંતરિક ગૂંજ ક્યારે બની જાય છે ? તેથી આપણે ખૂબ જાગ્રતતાથી શબ્દપ્રયોગ કરીએ એ જ એક વિકલ્પ હવે આપણી પાસે છે.

સાહેબદાદાના *"તે પ્રેમાળ છે,"* એ શબ્દો મારા મનમાં રોજ સંભળાય છે, અને મને મુશ્કેલ સમયમાં પણ પ્રેમપૂર્વક વર્તવાની પ્રેરણા આપે છે. શાંતિદાદાએ *"તે બાળકો સાથે ઉત્તમ કાર્ય કરે છે,"* તેવું ભારપૂર્વક કરેલું વિધાન, મને દરરોજ મારા પ્રયોજનની યાદ અપાવે છે. અ.નિ. દિલીપદાસજીનું *"મારી સુંદર પરી"* એ અભિવ્યક્તિ જ્યારે મારી જાત પ્રત્યે સૌમ્ય બનવાની જરૂર હોય ત્યારે કામ લાગે છે. આ સંતો તેઓના વાણીવ્યવહારમાં ખૂબ પ્રેમાળ હતા ! અને આભાર કે, તેઓ આવા ભલા હતા, તેથી જ તો તેઓના આવા શબ્દો મારા મનમાં વારંવાર ગૂંજી રહ્યા છે.

આપણે આપણાં બાળકોના ઉત્કર્ષ માટે પ્રેમાળ વાણીનો ઉપયોગ કરીએ. આપણે તેમની અંદર રહેલી શક્તિઓને પારખીએ. જો તમારા શબ્દો તમારા બાળકના મનમાં રોજ વાગતી ટેપ બનતા હોય તો તમે તેમને શું સંભળાવવા માંગો છો ? ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-ઑગસ્ટ-૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*